GJSK030010992018

દાખલ તારીખ : ૧૮–૦૯–૨૦૧૮
રજીસ્ટર તારીખ : ૧૮–૦૯–૨૦૧૮
ફેસલ તારીખ : ૧૭–૦૬–૨૦૨૬
અવધિ : ૭–વર્ષ ૮–માસ ૨૯–દિવસ

**પ્રાંતિજના મે.એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત સમક્ષ,મુકામ – પ્રાંતિજ**

**ફોજદારી કેસ નં.૭૪૧/૨૦૧૮**

**આંક :**

ફરીયાદી : શ્રી સરકાર

(પ્રાંતિજ પોલીસ સ્ટેશન થર્ડ પાર્ટ ગુના રજી.નં.–૫૧૦૯/૧૭)

વિરૂધ્ધ

આરોપી : (૧) સુનિલ મોતીલાલ દરજી

(૨) ચિરાગ પ્રકાશચંદ્ર પંચોલી

(૩) મહેન્દ્ર ઉર્ફે લાલો ભગવાનદાસ ઓડ

આરોપી નં.૧ રહે.ગંદોળી તા. માવલીજી ઉદેપુર રાજસ્થાન તથા આરોપી નં.૨ રહે.મહાવીર કોલીની પંચાયત ઓફીસ સામે તા. ખેરવાડા જી.ઉદેપુર રાજસ્થાન. આરોપી નં.૩ હાંસોલ પોલીસ ચોકીની સામે સરદારનગર અમદાવાદ.

**ગુન્હો : ધી પ્રોહી. કલમ– ૬૫ ઈ, ૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ.**

---------------------------------------

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.ડી. વાઘેલા
આરોપી તરફે વિ.વ.શ્રી કે.એ.રોહિત

---------------------------------------

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૪/૧૦/૨૦૧૭ ના કલાક– ૨૦/૩૦ વાગે મોજે–પ્રાંતિજ પો.સ્ટે. ની હદના કમાલપુર ગામની સીમમાં કેનાલ પાસે ક્રિસ્ટલ સ્કુલ આગળ ને. હા. રોડ નં. ૮ ઉપર તમો આરોપી નં. ૩ નાઓએ પોતાના કબજા ભોગવટાની સ્કોર્પીઓ ગાડી નં. **GJ 18 AB 1037** માં પ્રોહીપ્રતિબંધક વિસ્તારમાં વગરપાસ પરમીટે ગે.કા.રીતે તમો આરોપી નં.૧ ની પાસેથી ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ–૮૧૪ જેની કુલ કિ.રૂા. ૧,૩૭,૮૦૦/– નો તથા બીયરના ટીન નંગ–૬૦૦ કિં.રૂા.૬૦,૦૦૦/– મળી કુલ કિ. રૂા.૧,૯૭,૮૦૦/– નો જથ્થો કોલમ નં.૨માં જણાવેલ આરોપીને આપવા સારુ ભરી લઈ આવી પોલીસ નાકાબંધી દરમ્યાન સ્કોર્પિઓ ગાડી કિ.રૂા.૪,૦૦,૦૦૦/– ની મળી કુલ કિ.રૂા.૫,૯૭,૮૦૦/– નો મુદ્દામાલ મુકી નાસી જઈ તમો આરોપીઓએ પોતાના આર્થિક લાભ સારુ એકબીજાની મદદગારી કરી પ્રોહી. એકટની કલમ–૬૫ઈ,૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબનો ગુન્હો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદી એ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામા કરી, લાગતા –વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુઘ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

(૨) આરોપીઓ સમન્સ આધારે કોર્ટમાં હાજર થતાં સૌપ્રથમ ક્રિ.પ્રો. કો. કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આંક–૩૨ થી તહોમતનામું ઘડાયા બાદ આંક–૩૩ અને ૩૪

થી આરોપીઓનો જવાબ રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપી ઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.ત્યાર બાદ આરોપી નં.ર સામે વાંરવાર પ્રોસેસ કરવા છતાં આરોપી નં.ર હાજર રહેતા ના હોય તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ ના સરકયુલર નં બર સી.ર૬૧૮/૧૬ તા.૫/૭/૧૬ ના અન્વયે હાલનું કામ સી. આર. પી. સી. કલમ–ર૯૯ (૧) અન્વયે આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક /દસ્તાવેજી પુરાવો :–**

(૧) આંક : ૩૮ પંચસાહેદ હઠીસિંહ માનસિંહ ચૌહાણની જુબાની

(ર) આંક : ૩૯ મુદ્દામાલ કર્યા અંગેનું પંચનામું

(૩) આંક : ૫૭ ફરીયાદી અમરતભાઈ મેલાભાઈની જુબાની

(૪) આંક : ૫૮ ફરીયાદ

(૫) આંક : ૭૧ પંચસાહેદ હરેશભાઈ નાનકરામ વાઘવાણીની જુબાની

(૬) આંક : ૭ર શરીર સ્થિતિનું પંચનામું

(૭) આંક : ૭૩ ત.ક.અ. દેવુસિંહ અમરસિંહની જુબાની

(૮) આંક : ૭૪ રવાનગીપત્રક

(૯) આંક : ૭૫ એફ.એસ.એલ.પહોંચ

(૧૦) આંક : ૭૬ થી ૭૮એફ.એસ.એલ.રીપોર્ટ

(૧૧) આંક : ૮૦ સાહેદ તખુજી બાદરજી રાઠોડની જુબાની

(૪) ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ સદર કામે આરોપી નં. ૧ અને ૩નું ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધેલ. જેમા તેઓએ ખોટો કેસ કરેલાનું જણાવેલ છે. જયારે આરોપી નં.૨ હાજર રહેતો ના હોય તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં બર સી. ૨૬૧૮/૧૬ તા. ૫/૭/૧૬ ના અન્વયે હાલનું કામ સી.આર.પી.સી. કલમ–૨૯૯(૧) અન્વયે આગળ ચલાવવામાં આવેલ હોય વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) આરોપીના વિ.વ.શ્રીનાઓ તેમની મૌખીક રજુઆતમાં જણાવે છે કે આરોપી નીર્દોષ છે તથા આ કામે પંચો બનાવવાળી જગ્યાને સમર્થન આપતા નથી અને માત્ર સહી જ કરેલાનું જણાવે છે અને સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં પણ ત.ક.અ દ્વારા તેવા કોઈ નીવેદન લીધેલ નથી. જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરતા ન હોય ત્યારે આરોપીને મુકત કરવા જોઈએ.

(૬) આ કામના નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુદ્દા નં. (૧)** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૪/૧૦/૨૦૧૭ ના કલાક –૨૦/૩૦ વાગે મોજે–પ્રાંતિજ પો.સ્ટે.ની હદના કમાલ પુર ગામની સીમમાં કેનાલ પાસે ક્રિસ્ટલ સ્કુલ આગળ ને. હા. રોડ નં.૮ ઉપર તમો આરોપી નં.૩નાઓ એ પોતાના કબજા ભોગવટાની સ્કોર્પીઓ ગાડી નં. **GJ 18 AB 1037** માં પ્રોહીપ્રતિબંધક વિસ્તારમાં વગરપાસ

પરમીટે ગે.કા.રીતે તમો આરોપી નં.૧ ની પાસ ેથી ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ–૮૧૪ જેની કુલ કિ.રૂા.૧,૩૭, ૮૦૦/– નો તથા બીયરના ટીન નં ગ–૬૦૦ કિં.રૂા.૬૦,૦૦૦/– મળી કુલ કિ. રૂા.૧ ,૯૭,૮૦૦/– નો જથ્થો કોલમ નં.રમાં જણાવેલ આરોપી ને આપવા સારુ ભરી લઈ આવી પોલીસ નાકાબંધી દરમ્યાન સ્કોર્પિઓ ગાડી કિ.રૂા.૪,૦૦, ૦૦૦/– ની મળી કુલ કિ.રૂા.૫,૯૭,૮૦૦/– નો મુદ્દામાલ મુકી નાસી જઈ તમો આરોપીઓએ પોતાના આર્થિક લાભ સારુ એકબીજાની મદદગારી કરી પ્રોહી. એકટની કલમ–૬૫ઈ,૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં. (૨)** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ આપું છું :–

મુદ્દા નં. (૧) નકારમાં.

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ...

**<u>–: કારણો :–</u>**

**<u>મુદ્દા નંબર–૧ તથા મુદ્દા નં.૨ :–</u>**

(૮) આ કામે આંક–૩૮ થી પંચસાહેદ હઠીસિંહ માનસિંહ ચૌહાણનાઓ એ પોતાની સોગંદ ઉપરની જુબાની માં જણાવે છે કે, તારીખ–૨૪–૧૦–૨૦૧૭ ના રોજ સાંજના સાડા આઠ વાગે મે પંચનામામાં સહી કરેલી. પોલીસે મારી રૂબરૂ પંચનામુ કરેલુ. જેમાં એક સીલવર કલરની સ્કોર્પીયો ગાડી જેનો રજી

નં.જીજે–૧૮–એબી.૧૦૩૭ માં દારુભરીને આવતા હોવાની બાતમી આધારે અમો પંચોને બાતમી હકીકત થી વાકેફ કરી સદર જગ્યાએ જે કમાલપુર ગામની સીમમાં ક્રીસ્ટલ પબ્લીક સ્કુલની આગળ સદર ગાડી ઉભી રખાવેલી તે ગાડીને પોલીસે અમો રૂબરૂ ચેક કરતા તેમાં વિદેશી દારુ ભરેલો જણાઇ આવેલો અને સદર જગ્યાએ પોલીસે પંચનામુ કરી અમારી પંચનામામાં સહી લીધેલી. જેમાં વિદેશી દારુ અને બિયરના ટીન ભરેલા હતા જે પોલીસે અમો રૂબરૂ તમામ પ્રોહી મુદ્દામાલ ગણેલો જે કેટલો હતો તે હાલ મને યાદ નથી. જે સદર મુદ્દામાલમાં સેમ્પલ તપાસણી સારુ એક એક બોટલ અલગ કરી પી.આઇ.શ્રી પ્રાંતિજ ના હોદ્દા નુ સીલ મારી તપાસ અર્થે કબજે લીધેલ તેમજ સદર ઉપરોકત જણાવેલ સ્કોર્પીયો ગાડી પણ પોલીસે અમારી રૂબરૂ તપાસ અર્થે કબજે લીધેલ તેઓને તા.૨૪/૧૦/૧૭ નું પંચનામું બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. જે આ કામે આંક–૩૯ થી રજુ છે. તેમજ આરોપીઓને ઓળખી બતાવે છે.

સદર પંચ તેમની જુબાનીમાં રજુ થયેલ પંચનામાંની હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની પરવાનગી માં ગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, પોલીસે મને પંચમાં રહેવા સમજ કરેલી અને અમો પંચો રૂબરૂ પંચનામુ કરેલ જેમાં જીજે.૧૮.એબી.૧૦૩૭ નંબર ની સ્કોર્પીયો ગાડીમાંથી નીચે મુજબનો વિદેશી દારુ મળી આવેલો. ૧. બ્લોન્ડર પ્રાઇડ પ્રીમીયમ વ્હીસકી–૭૫૦ મીલી બોટલ નંગ–૯૪ જેની કુલ કિંમત રૂ.૬૫,૮૦૦/– ૨. બેગ પાઇપર કલાસીક વ્હીસકી–૧૮૦ મીલી બોટલ નંગ–૭૨૦ જેની કુલ કિંમત રૂ.૭૨,૦૦૦/– ૩. હેવર્ડ ૫૦૦૦ બીયર –૫૦૦ મીલી ટીન નંગ–૬૦૦ જેની કુલ કિંમત રૂ.૬૦,૦૦૦/– એમ કુલ વિદેશી દારુ બોટલ નંગ–૮૧૪ તથા બીયર ટીન નંગ–૬૦૦ જે કુલ રૂ.૧,૯૭,૮૦૦/– નો મુદ્દામાલ

પોલીસે અમારી રૂબરૂ તપાસ અર્થે કબજે લીધેલ તથા વિગત વારનુ પંચનામુ કરેલુ.

આ કામે આરોપી તરફે તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હુ પ્રાંતિજ પોલીસ સ્ટેશનની નજીક રહુ છુ. હુ પોલીસ પંચ તરીકે રહુ છુ. સાહેદ જણાવે છે કે, પોલીસ બોલાવે ત્યારે પંચ તરીકે જાઉ છુ. મે ગણાબાધા પંચનામામાં પંચતરીકે રહેલો છુ. મોટાભાગના પંચનામામાં મને ફરીગયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે. સાહેદ જણાવે છે કે, જે હુ જાણતો હોય તે હુ લખાવુ છુ. મે ક્રીસ્ટલ પબ્લીક સ્કુલ આગળ કેનાલ પાસે પંચનામામાં સહી કરેલી તે સીવાય બીજી કોઇ જગ્યાએ સહી કરેલી નથી. હુ બોલતો હોય અને પોલીસે પંચનામુ લખેલ હોય તેવુ બનેલ નથી.

(૯) આ કામે આંક–૫૭ થી સાહેદ અમરતભાઈ મેલાભાઈનાઓ પોતાની સોગંદ ઉપરની જુબાની માં જણાવે છે કે, તા. ૨૪/૧૦/૨૦૧૭ નાં રોજ અમો આર.આર.સેલ ગાંધીનગર રેન્જ મુકામે અ.પો.કો તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પોલીસ મહીનીરીક્ષક શ્રી ગાંધીનગર રેન્જ નાઓએ રેન્જ વીસ્તારમાં પ્રોહી પ્રવુતી અટકાવવા સુચના કરેલ હોઇ અમો તથા પોલીસ સ્ટાફના અન્યમાણસો કતપુર ટોલ ટેક્ષ પાસે આવતા પી.એસ.આઇ બી.આર .રબારી નાઓને બાતમી હકીકત મળેલ કે એક સ્કોર્પીયો ગાડી જીજે ૧૮ એબી ૧૦૩૭ માં રાજસ્થાન ખેરવાડા પાસેથી સુનીલ મોતીલાલ દરજી રહે.ગંદોલી ઉદેપુર તથા ચિરાગ પ્રકાશજી પંચોલી રહે–ખેરવાડા ઉદેપુર તથા ભરત ઉર્ફે ભુરો ઉદાજી ડાંગી રહે–રખાચાલ ઉદેપુર તમામ રાજસ્થાન નાઓએ ઇંગલીશ દારુનો જથ્થો ભરી અમદાવાદ તરફ રવાના કરેલ છે અને સદર ગાડી હિંમતનગર પ્રાંતિજ તરફ આવે છે જે હકીકત આધારે બે પંચના માણસો ને સાથે રાખી કમાલપુર ગામની સીમમાં સદર બાતમી વાળી ગાડી આવતા તેને ઉભી રખાવેલ. તે દરમ્યાન સદર ગાડીનો ચાલક ગાડી દુર ઉભી રાખી નાશી ગયેલ તેમજ ગાડીમાં ગેર કાયદેસર વગર પાસ પરમીટનો વીદેશી દારુ ભરેલ હોય. ગાડીને પ્રાંતિજ પો.સ્ટે લાવી નીચે મજબનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ.(૧) બ્લેન્ડર પ્રાઇડ વ્હીસકી–૭૫૦ મીલી બોટલ નંગ–૯૪ કુલ

કિંમત રૂ.૬૫,૮૦૦/- (૨) બેગ પાઇપર વ્હીસકી-૧૮૦ મીલી બોટલ નંગ-૭૨૦ કુલ કિંમત રૂ.૭૨,૦૦૦/- (૩)હેવર્ડ૫૦૦૦ બીયર-૫૦૦ મીલી ટીન નંગ-૬૦૦ કુલ કિંમત રૂ.૬૦,૦૦૦/- એમ ઉપરોકત વિદેશી દારુની નાની મોટી બોટલો કુલ નંગ-૮૧૪ તથા ટીન નંગ-૬૦૦ ની કુલ કિંમત રૂ.૧,૯૭,૮૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે પંચો રૂબરૂ કબજે કરી વિગતવારનુ પંચનામુ કરેલુ તેમજ અમોએ ઉપરોકત આરોપીએ વિરુદ્ધ પ્રાંતિજ પો.સ્ટેમાં ફરીયાદ આપેલી. જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. જેને દાખલ આંક-૫૮ આપવામાં આવે છે.

આ કામે આરોપી તરફે સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અમો પેટ્રોલીંગમાં કેટલા વાગે નીકળેલા તેમજ કહેવાતી માહિતી કેટલા વાગે મળેલી તેમજ કહેવાતી જગ્યાએ કેટલા વાગે પહોચેલા તે હકીકતો ફરીયાદમાં જણાવેલ નથી. ફરીયાદ કરતાં પહેલા પંચનામુ કરવામાં આવેલુ અને પંચોના નામ જાણતો હતો. પંચોને કોણ બોલાવવા ગયેલુ તેવી હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. આ કહેવાતો મુદ્દામાલ કોઇપણ વ્યકતીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલો નહી. કહેવાતા મુદ્દામાલ વાળુ વાહન સ્થળ ઉપર પોલીસ સ્ટેશન કોણ લઇ ગયુ તેવી કોઇ હકીકત મારી ફરીયાદમાં જણાવેલ નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા તપાસેલ સાહેદી પુરાવો જોતાં આંક-૭૧ થી તપાસેલ શરીર સ્થિતિના પંચ સાહેદે આંક-૭૨ થી રજુ કરેલ પંચનામામાં માત્ર તેઓની સહી ઓળખી બતાવી પંચનામાની હકીકતો વિશે કાંઈ જાણતા ન હોવાનું જણાવેલ હોય સદર પંચ સાહેદ ફરી ગયેલા સાહેદ જાહેર થયેલ છે. જેથી સદર પંચ સાહેદની જુબાની ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતી નથી.

(૧૧) આ કામે આંક–૭૩ થી ત.ક.અ દેવુસિંહ અમરસિંહનાઓ પોતાની સોગંદ ઉપરની જુબાની માં જણાવે છે કે,તા. ૨૪/૧૦/૨૦૧૭ નાં રોજ અમો આર.આર.સેલ ગાંધીનગર રેન્જ મુકામે અ.પો.કો તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પોલીસ મહીનીરીક્ષક શ્રી ગાંધીનગર રેન્જ નાઓએ રેન્જ વીસ્તારમાં પ્રોહી પ્રવુતી અટકાવવા સુચના કરેલ હોઇ અમો તથા પોલીસ સ્ટાફના અન્યમાણસો કતપુર ટોલ ટેક્ષ પાસે આવતા પી.એસ.આઇ બી.આર .રબારી નાઓને બાતમી હકીકત મળેલ કે એક સ્કોર્પીયો ગાડી જીજે ૧૮ એબી ૧૦૩૭ માં રાજસ્થાન ખેરવાડા પાસેથી સુનીલ મોતીલાલ દરજી રહે.ગંદોલી ઉદેપુર તથા ચિરાગ પ્રકાશજી પંચોલી રહે–ખેરવાડા ઉદેપુર તથા ભરત ઉર્ફે ભુરો ઉદાજી ડાંગી રહે–રખાચાલ ઉદેપુર તમામ રાજસ્થાન નાઓએ ઇંગલીશ દારુનો જથ્થો ભરી અમદાવાદ તરફ રવાના કરેલ છે અને સદર ગાડી હિંમતનગર પ્રાંતિજ તરફ આવે છે જે હકીકત આધારે બે પંચના માણસો ને સાથે રાખી કમાલપુર ગામની સીમમાં સદર બાતમી વાળી ગાડી આવતા તેને ઉભી રખાવેલ. તે દરમ્યાન સદર ગાડીનો ચાલક ગાડી દુર ઉભી રાખી નાશી ગયેલ તેમજ ગાડીમાં ગેર કાયદેસર વગર પાસ પરમીટનો વીદેશી દારુ ભરેલ હોય. ગાડીને પ્રાંતિજ પો.સ્ટે લાવી નીચે મજબનો પ્રોહી મુદ્ધામાલ મળી આવેલ.(૧) બ્લેન્ડર પ્રાઇડ વ્હીસકી–૭૫૦ મીલી બોટલ નંગ–૯૪ કુલ કિંમત રૂ.૬૫,૮૦૦/– (૨) બેગ પાઇપર વ્હીસકી–૧૮૦ મીલી બોટલ નંગ–૭૨૦ કુલ કિંમત રૂ.૭૨,૦૦૦/– (૩)હેવર્ડ૫૦૦૦ બીયર–૫૦૦ મીલી ટીન નંગ–૬૦૦ કુલ કિંમત રૂ.૬૦,૦૦૦/– એમ ઉપરોકત વિદેશી દારુની નાની મોટી બોટલો કુલ નંગ–૮૧૪ તથા ટીન નંગ–૬૦૦ ની કુલ કિંમત રૂ.૧,૯૭,૮૦૦/– નો મુદ્ધામાલ તપાસ અર્થે પંચો રૂબરૂ કબજે કરી વિગતવારનુ પંચનામુ કરેલુ તેમજ અમોએ ઉપરોકત આરોપીએ વિરુદ્ધ પ્રાંતિજ પો.સ્ટેમાં ફરીયાદ આપેલી.જે ફરીયાદ પી.એસ.ઓ. એ સદર ગુનો પ્રાંતિજ પો.સ્ટે. પ્રોહી. પાર્ટ થર્ડ ગુ.ર.નં. ૫૧૦૯/૧૭ થી પ્રોહી. કલમ–૬૫(ઈ),૮૧,૯૮(૨),૧૧૬(બી) મુજબનો ગુનો દાખલ કરી આગળની

તપાસ અમોને સોપતા અમોએ સંભાળી લીધેલ તેમજ આ કામના આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવદેનો લીધેલા. તેમજ સદર ગુનાના કામે પંચો રૂબરૂનુ પંચનામુ અમોએ કરી લીધેલુ. સદર ગુનાના કામે અમોએ પ્રોહી. મુદ્દામાલ સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલેલ તે રવાનગી પત્રક બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે, તે મેં સદર કામે મોકલેલ તે જ છે અને તેની નીચે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. રવાનગી પત્રકની સાથે સીલ ઈમ્પ્રેશન તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર પણ જોડીને મોકલી આપેલ. સદર રવાનગી પત્રક પુરાવામાં રજુ દાખલ આંક–૭૪ આપવામાં આવે છે.મને આજ રોજ સદર મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલ્યા અંગેની પહોંચ બતાવવામાં આવે છે તે મેં તપાસનાં કામે મેળવી કામમાં સામેલ રાખેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છું. સદર પહોંચ પુરાવામાં રજુ દાખલ આંક–૭૫_ આપવામાં આવે છે. મને આજ રોજ અસલ એફ. એસ. એલ.નો રીપોર્ટ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે, સદર રીપોર્ટ મુજબ મુદ્દામાલ સેમ્પલ કેફી દારૂ તરીકે વાપરી શકાય તેવું નશાકારક છે. તેવું જણાવેલ છે જે રીપોર્ટ મેં તપાસનાં કામે મેળવેલ તે જ છે. જે રીપોર્ટ હું આ કામે રજુ રાખુ છું. સદર રીપોર્ટ પુરાવામાં અનુક્રમે રજુ દાખલ આંક–૭૬ થી ૭૮ આપવામાં આવે છે.તેમજ આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય અમોએ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેમજ આરોપીઓને ઓળખતા હોવાનું જણાવે છે.

આ કામે આરોપી તરફે સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અમો પેટ્રોલીંગમાં કેટલા વાગે નીકળેલા તેમજ કહેવાતી માહિતી કેટલા વાગે મળેલી તેમજ કહેવાતી જગ્યાએ કેટલા વાગે પહોચેલા તે હકીકતો ફરીયાદમાં જણાવેલ નથી. ફરીયાદ કરતાં પહેલા પં

ચનામું કરવામાં આવેલુ અને પંચોના નામ જાણતો હતો. પંચોને કોણ બોલાવવા ગયેલુ તેવી હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. આ કહેવાતો મુદ્દામાલ કોઈપણ વ્યકતીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલો નહી. કહેવાતા મુદ્દામાલ વાળુ વાહન સ્થળ ઉપર પોલીસ સ્ટેશન કોણ લઈ ગયુ તેવી કોઈ હકીકત ફરીયાદ માં જણાવેલ નથી.

(૧૨) આ કામે આંક–૮૦ થી સાહેદ તખુજી બાદરજી રાઠોડ નાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૪/૧૦/૨૦૧૭ નાં રોજ અમો આર.આર.સેલ ગાંધીનગર રેન્જ મુકામે અ.પો.કો તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પોલીસ મહીનીરીક્ષક શ્રી ગાંધીનગર રેન્જ નાઓએ રેન્જ વીસ્તારમાં પ્રોહી પ્રવુતી અટકાવવા સુચના કરેલ હોઈ અમો તથા પોલીસ સ્ટાફના અન્યમાણસો કતપુર ટોલ ટેક્ષ પાસે આવતા પી.એસ.આઈ બી.આર .રબારી નાઓને બાતમી હકીકત મળેલ કે એક સ્કોર્પીયો ગાડી જીજે ૧૮ એબી ૧૦૩૭ માં રાજસ્થાન ખેરવાડા પાસેથી સુનીલ મોતીલાલ દરજી રહે.ગંદોલી ઉદેપુર તથા ચિરાગ પ્રકાશજી પંચોલી રહે–ખેરવાડા ઉદેપુર તથા ભરત ઉર્ફે ભુરો ઉદાજી ડાંગી રહે–રખાચાલ ઉદેપુર તમામ રાજસ્થાન નાઓએ ઈંગલીશ દારુનો જથ્થો ભરી અમદાવાદ તરફ રવાના કરેલ છે અને સદર ગાડી હિંમતનગર પ્રાંતિજ તરફ આવે છે જે હકીકત આધારે બે પંચના માણસો ને સાથે રાખી કમાલપુર ગામની સીમમાં સદર બાતમી વાળી ગાડી આવતા તેને ઉભી રખાવેલ. તે દરમ્યાન સદર ગાડીનો ચાલક ગાડી દુર ઉભી રાખી નાશી ગયેલ તેમજ ગાડીમાં ગેર કાયદેસર વગર પાસ પરમીટનો વીદેશી દારુ ભરેલ હોય. ગાડીને પ્રાંતિજ પો.સ્ટે લાવી નીચે મજબનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ.(૧) બ્લેન્ડર પ્રાઈડ વ્હીસકી–૭૫૦ મીલી બોટલ નંગ–૯૪ કુલ કિંમત રૂ.૬૫,૮૦૦/– (૨) બેગ પાઈપર વ્હીસકી–૧૮૦ મીલી બોટલ નંગ–૭૨૦ કુલ કિંમત રૂ.૭૨,૦૦૦/– (૩) હેવર્ડ૫૦૦૦ બીયર–૫૦૦ મીલી ટીન નંગ–૬૦૦ કુલ કિંમત રૂ.૬૦, ૦૦૦/– એમ ઉપરોકત વિદેશી દારુની નાની મોટી બોટલો કુલ નંગ–૮૧૪

તથા ટીન નંગ-૬૦૦ ની કુલ કિંમત રૂ.૧,૯૭,૮૦૦/- નો મુદ્ધામાલ તપાસ અર્થે પંચો રૂબરૂ કબજે કરી વિગતવારનુ પંચનામુ કરેલુ તેમજ જે ફરીયાદ પી.એસ.ઓ. એ સદર ગુનો પ્રાંતિજ પો.સ્ટે. પ્રોહી. પાર્ટ થર્ડ ગુ.ર.નં. ૫૧ ૦૯/૧૭ થી પ્રોહી. કલમ-૬૫(ઈ),૮૧,૯૮(૨),૧૧૬(બી) મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ અમોને સોપતા અમોએ સંભાળી લીધેલ તેમજ આ કામના આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ તેમજ લાગતાવળગતા સાહેદોના નિવદેનો લીધેલા. ત્યારબાદ અમારી બદલી થતાં સદર ગુનાની આગળની તપાસ દેવુસિંહ અમરસિંહ એ.એસ.આઈ.નાઓએ સંભાળી લીધેલ.તેમજ આરોપીઓને ઓળખતા હોવાનું જણાવેલ.

આ કામે આરોપી તરફે સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે,અમો પેટ્રોલીંગમાં કેટલા વાગે નીકળેલા તેમજ કહેવાતી માહિતી કેટલા વાગે મળેલી તેમજ કહેવાતી જગ્યાએ કેટલા વાગે પહોચેલા તે હકીકતો ફરીયાદમાં જણાવેલ નથી. ફરીયાદ કરતાં પહેલા પંચનામુ કરવામાં આવેલુ અને પંચોના નામ જાણતો હતો. પંચોને કોણ બોલાવવા ગયેલુ તેવી હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. આ કહેવાતો મુદ્ધામાલ કોઈપણ વ્યકતીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલો નહી. કહેવાતા મુદ્ધામાલ વાળુ વાહન સ્થળ ઉપર પોલીસ સ્ટેશન કોણ લઇ ગયુ તેવી કોઇ હકીકત ફરીયાદ માં જણાવેલ નથી.

**:: તારણો ::**

(૧૩) ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા અને તે સાથે ફોજદારી કાર્યવાહીમાં કરવામાં આવેલ પુરાવાના મુલ્યાંકન વિશે જોઈએ તો કાયદાનો પ્રસ્થાપિત

સિધ્ધાંત છે કે ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતો ને નિ:શંકપણે પુરવાર કરવી પડે જેથી ફરીયાદ પક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવુ જોઈએ કે આરોપીએ જ ગુનો કરેલ છે અને ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસ્યા છે તે સાહેદોની સંખ્યા મહત્વની નથી, પરંતુ જો ફરીયાદપક્ષના એકપણ સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીએ ગુનો કરેલ હોવાનુ પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્ર્વસનીય અને આધાર રાખવા લાયક હોય તો તે પુરતું છે, પરંતુ જો ફરીયાદપક્ષના કેસની હકીકતો ઉપર વાજબી શંકા થાય તો તેનો લાભ બચાવપક્ષને મળે તેમ છે.

(૧૪) હાલના કેસના ન્યાયીક નિર્ણયો સારુ પ્રથમ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ કેટલાક ચુકાદાઓ જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે જે ધ્યાને લેવા મહત્વપૂર્ણ બની રહેશે.

(૧૪.૧) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ધીરજલાલ ગાંડાભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદામાં કે જે ૧૯૯૧ (૧) જીએલઆર ૪૩૩ થી પ્રસિધ્ધ થયેલ છે. જેમાં પ્રસ્થાપિત કરેલ છે કે, જો બોટલોને પં ચોની સહીઓ સાથે સીલ કરવામાં આવી ન હોય અને પંચોનો પુરાવો દારૂ મળી આવેલ તેવા ફરીયાદપક્ષના પુરાવાને સમર્થન આપતો ન હોય તેવા કિસ્સામાં પ્રોહીબીશન એકટની કલમ-૧૧૬(બી) અન્વયે દારૂના કબજા અં ગેની ધારણા ઉત્પન્ન કરી શકાય નહી.

(૧૪.૨) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લઈ હાલના કેસની હકીકતોને ચર્ચા કરવામાં આવે તો આ કામે આરોપીઓ પાસેથી મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ હોય તેવી ફરીયાદપક્ષની હકીકતોને સ્વતંત્ર પંચ સાહેદો સમર્થન આપતા નથી. આ કામે ત.ક.અમલદાર એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. તેમજ કહેવાતો મુદામાલ કોઈ વ્યકિતના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ નહી. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ નું સેમ્પલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ સારુ મોકલેલ, પરંતુ સદર મુદ્દામાલ બોટલો ઉપર જે ઉત્પાદક કં પનીના બ્રાન્ડ કે લેબલ હતા તે કંપનીના માણસનો કોઈ જવાબ લીધેલ નથી. તેમજ આ કામે કબજે કરવામાં આવેલ દારૂની બોટલો ઉપર જે લેબલો લાગેલા હતા તે જ કંપનીની આ દારૂની બોટલો હતી તે હકીકત દર્શાવતો કોઈ સ્વતંત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. ફરીયાદપક્ષે કોર્ટ સમક્ષ આવા કોઈ કંપનીના અધિકારીને તપાસેલ નથી. વધુમાં આ કામે એફ.એસ.એલ. ના કોઈ કર્મચારી કે અધિકારીને તપાસેલ નથી. તેવા સંજોગોમાં આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ બોટલોમાં વિદેશી દારૂ જ હતો તેવી હકીકત માની શકાય નહી અને તે સંજોગોમાં આ કામના આરોપીઓના કબજામાં દારૂ જ હતો એવું માની શકાય નહી.

(૧૪.૩) આમ, ફરીયાદપક્ષે સૌ પ્રથમ એ હકીકત સાબિત કરવી પડે કે, કબજે કરવામાં આવેલ આક્ષેપિત મુદ્દામાલ દારૂની બોટલો ઉપર લાગેલ સીલ તથા લેબલ તેમજ તેમાંની વિગત સાચા છે કે કેમ ? તે સદંર્ભે યોગ્ય તપાસ થવી જોઈએ. જો કે, હાલના કેસમાં તપાસ દરમ્યાન આક્ષેપિત બ્રાન્ડના ઉત્પાદક, વિક્રેતા કે કોઈ કર્મચારીના નિવેદનો લીધેલા નથી. આમ, સદર

કેસમાં ફરીયાદપક્ષ ખામીયુકત તપાસ ઉપરાંત સ્વતંત્ર સાહેદોની જુબાનીથી પણ ફરીયાદ હકીકત પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૫) ઉપરોકત ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ વંચાણે લેતાં, આ કામે પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ હોવાનું જણાય છે, પરંતુ સદર પ્રોહી. મુદ્દામાલ આ કામના આરોપી પાસેથી મળી આવેલ હોય તેવી હકીકત રજુ પુરાવાથી ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. વધુમાં આ કામે ત.ક.અમલદાર ધ્વારા કોઈ સ્વતં ત્ર સાહેદોને તપાસેલ નથી. જેથી ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં તેમજ પુરાવાના મુલ્યાં કન સમયે ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકતમાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા થી સાબિત કરવું જોઈએ તેમજ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત અનુસાર ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવો જોઈએ, જયારે આરોપીએ માત્ર બચાવ કરવાનો છે. સદર કામે ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવા ને વંચાણે લેતાં આ કામના આરોપીએ તેઓની સામે ગુનો આચરેલ હોવા સબંધે ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ આરોપી સામેના ગુનાના તત્વો પુરવાર કરેલ ન હોય ત્યારે ફરીયાદ પક્ષે રજુ કરેલ માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપરથી આરોપીઓ ને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ આ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી ઓ વિરુધ્ધ પ્રોહી. એકટની કલમ-૬૫ ઈ, ૮૧, ૯૮(૨),૧૧૬(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો નિ:શંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માની મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ઠરાવું છું.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૪૮(૧) તથા સી.આર.પી.સી. કલમ ૨૯૯ ની જોગવાઈ મુજબ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫ ઈ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુન્હામાંથી વ્યાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ વાહન નો અગાઉ વચગાળા નો જો હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે, અને જો અગાઉ હુકમ કરેલ ન હોય તો મુદ્દામાલ વાહન અન્વયે યોગ્ય માલીકીની ખરાઈ કરી અપીલ સમય પુરો થયા બાદ તેને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.વધુમાં અપીલ સમય પુરો થયા બાદ પણ જો વાહન પરત લેવા અંગે કોઈ અરજી કરવામાં ન આવે તો સદર મુદામાલ વાહનની નિયમ અનુસાર જાહેર હરાજી કરી ઉપજના નાણા શ્રી સરકાર ખાતે જમાં કરવાના રહેશે.

(૪) આરોપીના ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭(એ)ની જોગવાઈ મુજબ છ માસ માટે જામીન લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૭/૦૬ /૨૦૨૬
મુ.પ્રાંતિજ.

**( સ્નેહલ મૃદુલભાઈ શુકલ )**
એડી. ચીફ જ્યુડી. મેજી., પ્રાંતિજ.
(જજ કોડ–જીજે૦૧૩૮૩)

//એસ.એ.રીંદબ્લોચ//